# ‘આત્મ સ્વરૂપ’

તેજો રાશિ આતમ ધામ,

છીપે દીપ ચાંદ ને સૂરજ,

નિજધામ મારું આતમ ધામ.

રહેનાં શેષ પછી કર્મ કોઈ,

જાગૃતિ આગમને નિંદ્રા સ્વપ્ન ભાગે,

આતમ આગમને પરમાતમ રાચે.

દીપ સે દીપ જલે, આતમ સે પરમાતમ,

અત્રે તત્રે સર્વત્રે સર્વ ભાવ રૂપે,

વ્યાપ્ત એ જ આતમ, એ જ પરમાતમ.

લી.
વિશ્વાત્મા,
ગ્લોબેલિયન
**ડો. ચૈતન્ય પટેલ**

# " આત્મ સ્વરૂપ " (ભાવાર્થ)

જે જે વિભૂતિઓને આત્માની ઓળખ થઈ છે, તેઓના મંતવ્ય પ્રમાણે, તે એક એવો તેજ પૂંજ છે અને એવું એનું તેજ છે કે તેની સામે સુરજ, ચંદ્રના તેજ ની કોઈ વિસાત જ નથી. મનુષ્ય જીવનનો ઉચ્ચતમ ઉદ્દેશ જ એ છે કે આત્માને ઓળખો અને તેમાં જ સ્થિત રહો.  એ જ આપણું નિજધામ છે. તે સ્થિતિ પામ્યા પછી જીવનમાં બીજું કાંઈ શેષ રહેતું જ નથી. આત્માની આ જાગૃતિના આગમન સાથે જ આ નિંદ્રા અને સ્વપ્ન જેવી દુનિયા અલોપ થઈ જાય છે. આત્માના અવતરણ સાથે જ આત્મા પરમાત્મા એક થઈ જાય છે.

દસે દિશાઓમાં આત્મા જ વ્યાપ્ત છે અને એ જ પરમાત્મા પણ.

લી.
વિશ્વાત્મા,
ગ્લોબેલિયન
**ડો. ચૈતન્ય પટેલ**